

આગ લાગવાની ઘટનામાં ફાયર ટીમને ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોંચવુ અનિવાર્ય હોય છે.પણ શહેરના ટ્રાફિક અને ખાસ કરી પોળ વિસ્તારમાં આગ લાગવાની ઘટનામાં ફાયરબિગ્રેડની ગાડીઓ આવા સાંકડા વિસ્તારમાં પ્રવેશ કરી શકતી નથી.જેના સમાધાનરૂપે ગાંધીનગર ફાયરબિગ્રેડ દ્વારા અનોખુ રિસ્પોન્ડર-૩ બાઈક બનાવ્યુ છે.આ બાઈક શહેરની સાંકડી ગલીઓમાં પણ સરળતાથી આગ ઓલવી શકે તેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યુ છે.બાઈકની બન્ને સાઈડ લગાવવામાં આવેલા પાણીના ટેંક પ્રાથમિક કક્ષાની આગને ઓલવા માટે પુરતા સક્ષમ છે.વૉટર ટેંક સાથે લગાવવામાં આવેલા ગન કાર્ટિઝની મદદથી પાણીને ખૂબ જ ઝડપથી છટકાવ કરી શકાય છે.આ અનોખા બાઈકને આઈઆઈટી ગાંધીનગર ખાતે યોજાયેલા એક એક્ઝિબિશનમાં જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ.

(તસ્વીર : સુરેશ મિસ્ત્રી)